**મે વ્યારાના એડી.જ્યુ.મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની**
**કોર્ટમાં, મુ. વ્યારા,જી.તાપી**

----------------------------------------------

**ફોજદારી કેસ નં.૨૬૩૦/૨૦૨૩**

**આંક :**

**ફરીયાદી :** શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી: વિપુલભાઈ દિલીપભાઈ ગામીત**

<u>ગુન્હો:</u> **ભારતીય દંડ સહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો.કલમ ૨૭૯,**

**<u>:: ચુકાદો ::</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા.૦૧/૭/૨૩ ના રોજ આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો. કલમ ૨૭૯, મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામા આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત આંક–**૧** થી આપેલ છે,જેમાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાય છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને **ભારતીય દંડ સંહિતા,** ૧૮૬૦ ની ઈ.પી.કો. કલમ– ૨૭૯,મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લીતા, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે **ભારતીય દંડ સંહિતા,** ૧૮૬૦ની કલમ ઈ.પી.કો. કલમ ૨૭૯ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૫૦૦/– (રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૩ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૩ /૦૯/૨૦૨૩

(ટી.એ ભાડજા )
એડી.જયુ.મેજી. ફ.ક.જજ,
વ્યારા જી.તાપી
યુ.આઈ.સી.કોડ નં.૦૧૩૯૯